શામળાજી પોલીસે ૩૭ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

રતનપુર ચેકપોસ્ટ પાસે વિદેશી દારૂ ભરેલી ટ્રકનુ પાયલોટીંગ કરતી સ્કાર્પિયો ગાડી પણ ઝડપી લીધી

(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

શામળાજી, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ નજીકથી બપોરે દોઢ વાગ્યાના સુમારે શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. અને તેમની ટીમ દ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરતાં સ્કોર્પિયો ગાડી ઝડપી પાડી કડકાઈપૂર્વક પૂછપરછ કરતા સ્કોર્પિયો ગાડીની પાછળ આવી રહેલી ટ્રકમાંથી ૩૭૦૦૮૦૦ નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. શામળાજી પોલીસે ચાર આરોપીઓ ઝડપી પાડી પ્રાહિબિશન એક્ટ હેઠળ જેલ પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી નજીક આવેલી આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ પરથી આંતરરાજ્ય બુટલેગરો દ્વારા વિદેશી દારૂ ગુજરાત રાજ્યમાં ઘુસાડવા હમેશા પ્રયત્નશીલ હોય છે. ત્યારે આજે બપોરે દોઢ વાગે શામળાજી પોલીસને મળેલ બાતમીના આધારે રતનપુર ચેકપોસ્ટ નજીક સઘન વાહન ચેકિંગ હાથ ધર્યુ હતુ. ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલી સ્કોર્પિયો કારને અટકાવી કડકાઈપૂર્વક પુછપરછ કરતાં સ્કોર્પિયો ગાડી નં. એચ.આર.૭૦-બી-૯૧૪૧નો ચાલક સંદિપ સંતવાલ પરમાર (હરિયાણા)ની મદદગારથી ગુજરાતમાં વિદેશી દારૂ ટ્રક (ગાડી નં. આરજે૧૮જીએ-૧૩૯૭)માં વગર પાસ પરીમીટનો ગેરકાયદેસર વિદેશી દારૂ ઘુસાડતા ટ્રકના ચાલક સાહીદ ઈસમ મો. મેઉ (હરિયાણા) અને જાવેદ ઈસમ મો. મેઉ (હરીયાણા) બન્ને ભાઈઓ ટ્રકમાં સંતાડીને રતનપુર ચેકપોસ્ટ નજીક ઝડપાઈ ગયા હતા. શામળાજી પોલીસે ટ્રકની તલાશી લેતાં ટ્રકમાંથી વિદેશી દારૂની બોટલો ૧૦૬૯૨ કિંમત રૂ. ૩૭૦૦૮૦૦ નો ઝડપી પાડ્યો હતો. ઉપરાંત ટ્રકનું પાયલોટીંગ કારના બન્ને ચાલક તેમજ સ્કોર્પીયો ગાડી કિં. રૂ. ૫૦૦૦૦૦ તથા જુદી જુદી કંપનીના મોબાઈલ ૪ કિં. રૂ. ૨૫૦૦ તથા રોકડ રૂ. ૪૦૦૦ મળી કુલ કિં. રૂ. બાવ લાખ સાત હજાર ત્રણસોનો મુદ્દામાલ ઝડપી પાડવામાં સફળતા મળી હતી. જ્યારે અન્ય બે આરોપીઓ ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલાએ કિંમત રૂ. બાવલ લાખ સાતસો ત્રીસનો મુદ્દામાલ જપ્ત કરી ગેરકાયેદસર રીતે વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ઘુસાડવાના ગુન્હામાં ઝડપી પાડી આરોપીઓને જેલને હવાલે કર્યા હતા. જ્યારે આ વિદેશી દારૂ ખેપ મારવામાં મદદગારી કરનાર અન્ય ૨ શખ્સોને ઝડપી પાડવા શામળાજી પોલીસ સ્ટેશન દ્વારા ચક્રો ગતિમાન કર્યા છે.

હિંમતનગર નાગરિક બેંકની ચૂંટણીમાં ૩૦ ટકા મતદાન

હિંમતનગર, તા.૧૦

હિંમતનગર નાગરિક સહકારી બેંકના ૧૨ પૈકી ૧૧ ડિરેકટરોની રવિવારે ચૂંટણી યોજાઇ હતી. જેમાં ઈવીએમ મશીનનો પ્રયોગ મતદારો માટે કંટાળાજનક રજ્ઞો હતો. વારંવાર મશીન ખોટકાવવાના કારણે મતદારોને ગરમીમાં મતદાન કરવા માટે ઉભા રહેવુ પડયુ હતું. જેથી થોડીક અવ્યવસ્થા પણ થઇ હોવાનું મતદારોનું માનવુ છે. રવિવારે યોજાયેલી ચૂંટણીમાં અંદાજે ૩૦ ટકા મતદાન એટલે કે ૩૦ હજારથી વધુ મતદારો પૈકી ૧૧,૨૦૦ મતદારોએ મતદાન કર્યુ હોવાનું બેંકના સૂત્રોમાંથી જણાવાયુ છે.

આ અંગેની વિગત એવી છે કે નાગરિક બેંકની ૧૨ બેઠકો માટે યોજાયેલ જાહેરનામા બાદ એક બેઠક બિનહરિફ થઇ હતી. જેથી રવિવારે સામાન્ય વિભાગની૯ અને મહિલા વિભાગની૨ બેઠક માટે હિંમત હાઇસ્કૂલમાં ઉભા કરાયેલા ૧૧ બુથોમાં રવિવારે ૮ વાગ્યે મતદાન શરૂ થયુ હતું. બીજી તરફ વધુ મતદાન કરાવવા માટે ઉમેદવારો, ટેકેદારો મત આપવા આવી રહેલા મતદારોને વિનવણી કરતા હતા.

અગાઉની જેમ આ વખતની ચૂંટણીમાં પણ ઉમેદવારોએ મતદાન મથકની બહાર મતદારોને માર્ગદર્શન આપવા માટે કાઉન્ટર શરૂ કરી દીધા હતા. જોકે નાગરિક બેંક દ્વારા પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. બપોરના સુમારે મતદાન કરવા આવેલા ઉમેદવારોની એક તરફ લાઇનો લાગી હતી ત્યારે વારંવાર ઇવીએમ મશીન ખોટકાઇ જવાને કારણે મતદારો ગરમીને કારણે તોબા પોકારી ગયા હતા. ૪ વાગ્યે મતદાનનો સમય પૂર્ણ થયો હોવા છતાં મતદાન મથકમાં પ્રવેશેલા મતદારોને ૪-૩૦ વાગ્યા સુધી મતદાન કરવા દેવાની ફરજ પડી હતી. મતદાન પૂર્ણ થયા બાદ સાંજે ૬-૩૦ કલાકે મતગણતરી હિંમત હાઇસ્કૂલમાં જ શરૂ કરાઇ હતી. જેના કારણે મતદાન મથકની બહાર પરિણામ જાણવા માટે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતા.

ડીસામાં પાંચ હિંદુ-મુસ્લિમ સમાજના વર-વધુનો એક મંચ પર સમૂહ લગ્નોત્સવ

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા.૧૦

ડીસામાં હિંદુ મુસ્લિમ સમાજ માં એકતા અને ભાઈચારા ની લાગણી મજબુત બને તે ઉન્નત ભાવના થી ઓલ ઈન્ડીયા એકતા સમાજ દ્વારા આજરોજ સમૂહ લગ્નોત્સવ નો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાંચ જેટલા વરવધુ શા સ્ત્રોક્ત વિધિ થી લગ્ન ગ્રંથી થી જોડાતા આ લગ્નોત્સવ હિંદુ મુસ્લિમ એકતા ની મિશાલ બન્યો હતો .

બનાસકાંઠાનાં ડીસામાં આજરોજ રવિવારે માનવ સેવા ગ્રુપ ડીસા સંચાલિત હિંદુ મુસ્લિમ સમાજ સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. ડીસા ની એસ.સી.ડબ્લ્યુ સ્કુલ ખાતે યોજાયેલા આ સમૂહ લગ્ન માં ડીસા ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, પાલિકા પ્રમુખ કેલાશબેન, તેમજ ભાજપ કોન્ગ્રેસનાં કાર્યકર્તા સહીત અનેકો મુસ્લિમ આગેવાનો અને ધર્મગુરુ પણ જોડાયા હતા. આ સમૂહ લગ્નમાં ચાર મુસ્લિમ યુવક યુવતીઓ એ એક મંચ પરથી નિકાહ કર્યા હતા, જયારે એક હિંદુ યુવકયુવતી એ પણ હિંદુ શા સ્ત્રોક્ત વિધિથી મંગળફેરા ફરી નવીન જીવન ની સુખરૂપ શરૂઆત કરી હતી, આ તમામ પાંચ દંપતી માં મુસ્લિમ સમાજ ના જોડા ને કુરાન શરીફ ની એક પ્રત જયારે હિંદુ સમાજ ના જોડા ને શ્રીમત ભગવદ ગીતા સાથે ઘરવખરી ની ૪૦ નાની મોટી ચીજ વસ્તુ કરિયાવર સ્વરૂપે સખી દાતા વિપુલભાઈ ભોગીલાલ શાહે ભેટ કરી હતી,જેનાથી મુસ્લિમ સમાજ નાં આગેવાનો ગદગદ થયા હતા.

આ અનોખા સમૂહલગ્નથી દેશ અને દુનિયા માં હિંદુ મુસ્લિમ એકતા નો સંદેશ વહેતો થયો છે તેવું વેદાચાર્ય મુન્ના મહારાજે જણાવ્યું હતું.

ભિલોડાની ભરચક તિરૂપતી સોસાયટીમાં તસ્કરોનો હાથફેરો

રૂા.૬૪,૦૦૦/-નો મુદ્દામાલ લઈ તસ્કરો પલાયન

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકમાં લગ્નની સીઝન ખીલી ઉઠી છે ત્યારે તસ્કરોએ પણ બંધ રહેતા મકાનોને નિશાન બનાવી હાથ ફેરો કરવાનું ચુકતા નથી.થોડા જ દિવસ અગાઉ બ્રહ્માણીનગર સોસાયટીમાં રૂા.૫૦,૦૦૦/-નો હાથફેરો કર્યો તે પછી આનંદનગર સોસાયટીમાં રૂા.૪૩,૦૦૦/-નો હાથ ફેરો કર્યો તેની શાહી હજુ તો સુકાઈ નથી ત્યાં તો વળી આજે ભિલોડાના ભરચક એરીયા ગણાતા તિરૂપતી સોસાયટીમાં રહેતા અર્જુનભાઈ જીવાભાઈ સડાતના બંધ મકાનના તાળા તોડી મકાનમાં પ્રવેશ કરી અલગ-અલગ ચીજવસ્તુઓ મળી રૂા. ૬૪,૦૦૦/-નો તસ્કરોએ હાથફેરો કરતાં ભિલોડામાં ચોરીઓનો ઉપદ્રવ દિનપ્રતિદિન વધી રહ્યો છે.

આ બનાવની હકીકત એવી છે કે અર્જુનભાઈ જીવાભાઈ સડાત, મુળ રહેવાસી. વેજપુર, તા.ભિલોડા, હાલ રહેવાસી. તિરૂપતી સોસાયટી, ભિલોડામાં રહેતા હોઈ જેઓના બંધ મકાનમાં તા.૮/૫/૨૦૧૫ ના રોજ ૩ વાગ્યાના સુમારે બંધ મકાનના તાળા તોડી મકાનની અંદર પ્રવેશ કરી સોના-ચાંદીના ઘરેણા,ડી.વી.ડી.,રોકડા રૂા.૧૦,૦૦૦/- તેમજ મોટર સાયકલની કિંમત રૂા.૧૫,૦૦૦/-જે કુલ મળી રૂા.૬૪,૦૦૦/-નો મુદ્દામાલ અજાણ્યા તસ્કરો ચોરી કરી પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી હતી.

ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં આવેલ મકાનોમાં અવાર-નવાર ચોરીઓનો ઉપદ્રવ દિન-પ્રતિ-દિન વધતાં નવા બનેલા રેસીડેન્ટ વિસ્તારોમાં રહેતા પ્રજાજનોમાં ભારે ફફડાટ વ્યાપ્યો છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં જયપુરી લુહાર જમાઅત દ્વારા આજે મોડાસા શહેરની મદની હાઈસ્કુલમાં દ્વિતીય સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૪ નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા. આ ૨૪ નવદંપતિને આશીર્વાદ આપવા સાબરકાંઠાના માજી સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, નિલેષ જોષી, મોડાસા નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ તથા સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જયપુરી લુહાર જમાઅતના પ્રમુખ હાજી હાફીઝખાન લતીફખાન લુહાર તેમજ સંસ્થાના હોદ્દેદારોએ સમુહલગ્નને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

(તસવીર : બાબુભાઈ પટેલ)

મોડાસામાં વિશ્વ રેડક્રોસ અને વિશ્વ થેલેસેમિયા દિને રક્તદાન શિબિર યોજાઈ

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ૮ મે ના દિવસે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી મોડાસા દ્વારા વિશ્વ રેડક્રોસ દિવસ તથા વિશ્વ થેલેસેમીયા દિવસ હોવાથી થેલેસેમીયાના દર્દીઓ માટે રક્તદાન કેમ્પનું આયોજન તેમજ થેલેસેમીયા જેવી ગંભીર બિમારીમાં સપડાયેલા બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

(તસવીર : જય અમીન, મોડાસા)

વિશ્વમાં ઘણાબધા બાળકો અને લોકો થેલેસેમીયા જેવી ગંભીર બિમારીનો ભોગ બનેલા છે. આવા દર્દીઓ માટે અરવલ્લી જિલ્લાના મોડાસામાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી મોડાસા દ્વારા શામળાજી રોડ, ડિપમાં વ્રજભૂમી કોમ્પલેક્ષમાં એક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લામાં ૧૦ થી વધારે દર્દીઓ મેજર થેલેસેમીયાની બિમારી ધરાવે છે. અને આવા દર્દીઓને આખા વર્ષ દરમ્યાન ૧૦ રક્તદાતાઓની જરૂર પડે છે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી મોડાસા દ્વારા થેલેસેમીયાના દર્દીઓ માટે રક્તદાતાઓના સંમતિપત્રક પણ લેવામાં આવ્યા હતા. જ્યારે સાંજના ૪ વાગ્યાના સમયે મોડાસા શહેરના ટાઉનહોલ ખાતે થેલેસેમીયા રોગ અંગે જાગૃતિ ફેલાવવા અને જન્મ લેનાર બાળક થેલેસેમીયા સાથે ન જન્મે લે તે અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ. જેમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક, જાણીતા સામાજીક કાર્યકર અને દાનવીર સી.કે. પટેલ (એન.આર.આઈ.), સુરેશભાઈ સોની (સહયોગ કૃષ્ટ યજ્ઞ, રાજેન્દ્રનગર), એસ.આર. પટેલ (મેયર) ડૉ. અરૂણભાઈ શાહ, સુભાષભાઈ શાહ, ઈકબાલભાઈ ઈપ્રોલીયા તેમજ શહેરમાંથી મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોગ્રામમાં દિપ પ્રાગટ્ય થેલેસેમીયાની બિમારી ધરાવતી બાળકી દ્વારા કરાવવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત મોડાસા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના પ્રમુખ ભરતભાઈ પરમાર, કે.આર. ખેર (ગીતા ભાષ્યકાર), અમૃતભાઈ એસ. પટેલ, ડૉ. ટી. બી. પટેલ, રાકેશભાઈ જોષી (મંત્રી), જીતેન્દ્રભાઈ અમીન (ટ્રેઝરર) તથા ધનજીભાઈ લેઉઆ, જીતેન્દ્ર પંડ્યા, ચંદ્રકાન્ત સોની વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ઈલોલ પાસે કાર સળગી ઉઠી : કોઈ જાનહાનિ નહિ

હિંમતનગર, તા.૧૦

હિંમતનગર તાલુકાના ઈલોલ પાસે આવેલ ગુહાઇ કેનાલ નજીક શનિવારે રાત્રે અચાનક એક કાર સળગી ઉઠી હતી. જોકે કોઇ જાનહાનિ થઇ ન હતી. ત્યારબાદ હિંમતનગર ફાયર બ્રિગેડે આવીને આગ બુઝાવી દીધી હતી. જે અંગે ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરાઇ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શનિવારે રાત્રે હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ સન્માન પાર્કમાં રહેતા દિપકભાઇ ડાહ્યાભાઇ મોદી કાર નં.જીજે.૦૯.એજી.૨૫૫ લઇ ઈલોલના હનુમાનજી મંદિરમાં દર્શનાર્થે જઇ રહ્યા હતા. દરમિયાન ગુહાઇ કેનાલ પાસે તેમની સીએનજી સંચાલિત કારમાં ધડાકા સાથે આગ લાગી હતી. ત્યારબાદ આ અંગે હિંમતનગર ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડના જવાનોએ આવીને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. જોકે કોઇ જાનહાનિ થવા પામી ન હતી. ઘટના અંગે દિપકભાઇ મોદીએ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

મજરાની યુવતીને ભગાડી જતા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના આવેલ મજરા ગામે રહેતા સનાભાઈ ભલાભાઈ ભાભોરની સગીર વયની બહેનને ગામનો જ ઈસમ ભગાડી જતાં પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ મજરા ગામે રહેતા સનાભાઈની સગીર બહેન અનુસૂચિત જનજાતિના ને ગામનો જ યુવાન રમેશભાઈ ધરમસિંહ ઠાકોર બહેલાવી ફોસલાવીને બદ ઈરાદે રાખી ભગાડી જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર ફરીયાદી સનાભાઈ ભલાભાઈ ભાભોર દ્વારા ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે હાલ તો સગીર હોવાથી અપહરણનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી..

પ્રાંતિજ પાસેથી ઇનોવા કારમાંથી દારૂ પકડાયો

૧.૯૨ લાખનો વિદેશી દારૂ ગાંધીનગર આર. આર. સેલે પકડ્યો : બે ની અટકાયત એક નાશી છુટ્યો

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ કતપુર પાટીયા પાસેથી ઈનોવાકારમાં લઈ જવાતો વિદેશી કંપનીનો દારૂ ગાંધીનગર નગર આર.આર. સેલ દ્વારા પકડી પાડવામાં આવ્યો હતો.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ ચિલોડા, હિંમતનગર નેશનલ હાઈવે આઠ કતપુર પાટીયા ટોલટેક્ષ પાસેથી અગાઉ બાતમીના આધારે ગાંધીનગર આર.આર. સેલ દ્વારા ટોલટેક્ષ ઉપર વોચ ગોઠવતા તે સમયે દરમ્યાન રાજસ્થાન બાજુથી ઈનોવાકાર નં. જીજે-૧૮.એસ.૨૨૯૮ને ઉભી રાખતા તેની અંદર તપાસ કરતાં વિદેશી કંપનીનો ઈંગ્લિશ દારૂ મળી આવતા આર.આર. સેલ દ્વારા ઈનોવાકાર સહિત કાર બેની અટકાયત કરી હતી. જ્યારે કારમાં સવાર એક વ્યક્તિ ભાગી ગયો હતો. જ્યારે અનુપસિંહ દલપતસિંહ સિસોદીયા રહે. ઉદેપુર અનુપસિંહ ઉદેસિંહ રાઠોડ રહે. ડુંગરપુરની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે મનવરસિંહ ઉર્ફે મન રહે. અમદાવાદ તે ગાડીમાંથી ભાગી ગયો હતો જ્યારે બે ની અટકાયત કરી ત્રણ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, ફુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

આજથી ૧૧ મે ૧૯૮૦માં અમદાવાદ મુકામે ચંદ્રકાન્ત મારૂ અને કોકીલાબેન મારૂ પ્રભુતામાં માંડેલા ડગ ૩૫માં વર્ષમાં સુખમય, આરોગ્યમય અને સાંસારીક જીવનના લેખા જોખા સાથે પ્રવેશ્યા છે ત્યારે આ દંપતિને તેમનો પરિવાર હર્ષોલ્લાસ અને આત્મીયતાથી વધાવી રહ્યો છે. અજોડ સંબંધોની પરિભાષાને સાચા અર્થમાં યથાર્થ ઠેરવતાં લગ્નજીવનના આટલા વર્ષો જીવન સંગાથી સાથે વિતાવી સમાજને ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરું પાડતાં આ વડીલ દંપતિને ખુબ ખુબ અભિનંદન. પુત્રો, પુત્રવધુઓ, પૌત્રો સહિત ત્રીજી પેઢીનું સફળ નેતૃત્વ કરી રહેલું આ દંપતિ પોતાના પરિવાર પ્રત્યે અપાર પ્રેમ અને સ્નેહની લાગણીના તાંતણે બંધાયેલું રહ્યું છે. જે માટે પરિવાર પણ તેમનો ઋણી બન્યો છે.